પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૮ | ૨૮ નવેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; માગસર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગુજરાત માટે કોંગ્રેસ હંમેશા ઉદાસીન : મોદી

**ભાજપનું બટન દબાવી કોંગ્રેસને વિદાય આપો : મોદી :ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાને લઇને મોદીની ઝંઝાવતી ચૂંટણી સભાઓ : કોંગ્રેસ પર પ્રહારો : ગુજરાતીઓને ગધેડા કહેનાર મજબૂર**





સુરત, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ધારણા પ્રમાણે જ આજે ઝંઝાવતી ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. મોદીએ પ્રચંડ ચૂંટણી પ્રચાર કરીને આજે કોંગ્રેસ પાર્ટી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. એક પછી એક રેલીઓ યોજી હતી. મોદીએ સૌથી પહેલા ભુજ, રાજકોટ, અમરેલી, કડોદરા (સુરત ગ્રામ્ય)માં ઝંઝાવતી પ્રચાર કરીને લોકોના મન જીતી લીધા હતા. મોદી આજે ચૂંટણી પ્રચારના ભાગરુપે છેલ્લે સુરતમાં કડોદરા છેલ્લે પહોંચ્યા હતા. મોદી ત્રણ વાગે પહોંચવાના હતા પરંતુ દોઢ કલાક મોડા પડ્યા હતા. અહીં મોદીએ ૧૬ બેઠકો માટે ભાજપ માટે મત માંગ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે, ભાજપ પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવશે. મતદાનના દિવસે કમળના પ્રતિક ઉપર બટન દબાવીને પ્રચંડ વિજય અપાવવા અને વિકાસનો વિરોધ કરી રહેલી કોંગ્રેસને વિદાય આપવા ઉપસ્થિત લોકોને અપીલ કરી હતી. વિકાસ, નોટબંધી,

● અનુસંધાન પાન-૩ પર

### ન્યુઝ ટ્રેક

**રાજસ્થાનમાં જેલભરો આંદોલન**

રાજસ્થાનમાં પદ્માવતી ફિલ્મના વિરોધમાં જેલભરો આંદોલન આરંભાયો છે. પુરાતત્વ વિભાગે ઈતિહાસ સાથે ચેડા કર્યા છે તેવો આક્ષેપ તેઓએ કર્યો છે.

**છત્તીસગઢમાં અકસ્માતમાં ૩ના મોત**

છત્તીસગઢના પંડેરામાં બસ અકસ્માતમાં ૩ વ્યક્તિઓના મોત નીપજ્યા હતા અને અસંખ્ય મુસાફરો ઘાયલ થયા છે.

**ચૂંટણીતંત્રનો અજબ કિસ્સો**

ગાઝીયાબાદમાં આઠ માસની દિકરીનું નામ મતદાર યાદીમાં આવતા ભારે ચર્ચા જાગી છે.

**ચીનના અર્થતંત્રમાં મંદીના સંકેત**

વિશ્વના બીજા નંબરના અર્થતંત્ર ચીનમાં આર્થિક મંદી આવી શકે છે. અર્થશાસ્ત્રીઓએ ૨૦૧૮માં જીડીપી ગ્રોથ ૬.૪ ટકા રહેસે તેવી આગાહી વ્યક્ત કરી છે.

**મધ્યપ્રદેશના વિદ્યાર્થીઓની જયહિન્દ દ્વારા હાજરી નોંધાશે**

મધ્યપ્રદેશના શિક્ષણમંત્રીએ તાજેતરમાં એક પરિપત્ર જાહેર કર્યો છે જેમાં તેમણે જણાવ્યુ છે કે વિદ્યાર્થીઓએ તેમની હાજરી જય હિન્દ બોલી પુરાવવાની રહેશે.

## તેજ પ્રતાપના નિવેદનોને લાલુ સમર્થન નથી આપતા

પટણા,તા. ૨૭

રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ પ્રસાદ યાદવે પોતાના પુત્ર તેજ પ્રતાપ યાદવના વિવાદાસ્પદ નિવેદન અંગે પ્રતિક્રિયા આપી છે. લાલૂએ મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું છે કે, તેઓ તેજ પ્રતાપના નિવેદનને સમર્થન આપતા નથી. ઝેડ પ્લસથી ઝે સિક્યુરિટી આપવાને લઈને લાલૂએ પટણામાં કહ્યું હતું કે, જો મોદી એમ વિચારે છે કે, તેઓ ડરી ગયા છે તો આવું બિલકુલ નથી. તમામ લોકો અને ખાસ કરીને બિહારના બાળકો પણ તેમની સુરક્ષા માટે તૈનાત રહેલા છે. લાલૂ યાદવે તેજ પ્રતાપના નિવેદન અંગે કહ્યું હતું કે, જો એક પુત્રને જાણવા મળે છે કે તેના પિતાની સામે કાવતરા ઘડવામાં આવી રહ્યા છે તો સુરક્ષાને પરત લઈ લેવામાં આવી છે.

## શ્રીલંકા સામે ભારતની ઐતિહાસિક જીત

**ભારતની એક ઇનિંગ્સ અને ૨૩૯ રનથી સૌથી મોટી જીત : ભારત તરફથી ત્રીજી વખત એક ઇનિંગ્સમાં ચાર સદી બની : વિરાટ કોહલી સહિતના બેટ્સમેનોના નવા રેકોર્ડ : શ્રીલંકા માત્ર ૧૬૬ રનમાં ઓલઆઉટ**

નાગપુર, તા. ૨૭

નાગપુરમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતે આજે ધારણા પ્રમાણે જ શ્રીલંકા સામે ઐતિહાસિક જીત મેળવી હતી. શ્રીલંકા સામે હજુ સુધીની સૌથી મોટી જીત મેળવ્યા બાદ ક્રિકેટ ચાહકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ અગાઉ ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશની સામે એક ઈનિંગ્સ અને ૨૩૯ રને જીત મેળવી હતી. આજે ભારતે એક ઈનિંગ્સ અને ૨૩૯ રને જીત મેળવી હતી જે સૌથી મોટી જીત છે. ૧૧મી વખતે ભારતે શ્રીલંકાને એક ઈનિંગ્સના અંતરથી હાર આપી છે. શ્રીલંકાએ પ્રથમ ઈનિંગ્સમાં ૨૦૫ રન કર્યા હતા. જેના જવાબમાં ભારતે છ વિકેટે ૬૧૦ રન બનાવીને દાવ ડિકલેર કર્યો હતો. શ્રીલંકાની ટીમ તેના બીજા દાવમાં ૪૯.૩ ઓવરમાં ૧૬૬ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ યજમાન ટીમે મોટી જીત હાંસલ કરી હતી. ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીમાં ભારતે ૧-૦ની લીડ મેળવી લીધી છે. અશ્વિને ટેસ્ટ કેરિયરમાં ૩૦૦ વિકેટ પુરી કરી હતી.

આ ટેસ્ટ મેચની એક વિશેષતા એ રહી હતી કે, ભારત તરફથી એક ઈનિંગ્સમાં ચાર સદી ફટકારવામાં આવી હતી. ત્રીજ વખત આ સિદ્ધિ ભારતે મેળવી છે. વિરાટ કોહલીએ કેપ્ટન તરીકે બ્રાયન લારાના રેકોર્ડની બરોબરી કરી લીધી છે. એક જ ઈનિંગ્સમાં ભારત તરફથી ત્રણ સદી પાંચ વખત બની ચુકી છે. કેપ્ટન તરીકે ૧૦ સદી ફટકારનાર વિરાટ કોહલીએ વધુ એક સિદ્ધિ હાસલ કરી છે. આ ટેસ્ટ મેચની અન્ય એક વિશેષતા એ રહી કે, મુરલી વિજય અને પુજારા વચ્ચે નવમી વખત સદીની ભાગીદારી થઇ હતી.

## શ્રીલંકા સામે વનડે શ્રેણી માટે રોહિત શર્માને જવાબદારી

**બીસીસીઆઈની ઝાટકણી કાઢ્યા બાદ વિરાટ કોહલીને આરામ આપવાનો નિર્ણય : અશ્વિન તેમજ જાડેજા બહાર**



નાગપુર,તા. ૨૭

સતત ક્રિકેટ અને દક્ષિણ આફ્રિકાના પ્રવાસ વચ્ચે ઓછા સમય મળવાને લઈને વિરાટ કોહલીની નારાજગીને બીસીસીઆઈએ ગંભીરતાથી લીધી છે. આની સાથે જ શ્રીલંકા સામે રમાનારી ત્રણ વનડે મેચોની શ્રેણીમાં વિરાટ કોહલીને આરામ આપવાનો નિર્ણય કરાયો છે. આજે ટીમની જાહેરાત કરવામાં આવી હતી. કોહલીની ગેરહાજરીમાં રોહિત શર્મા કેપ્ટન તરીકેની ભૂમિકામાં રહેશે. આ અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે, દક્ષિણ આફ્રિકાના મહત્વપૂર્ણ પ્રવાસ પહેલા વિરાટ કોહલીને આરામ આપવામાં આવી શકે છે. ટીમમાં યુવા ખેલાડી શ્રેયાસ અય્યરને ફરી તક અપાઈ છે. શ્રીલંકા સામે ટેસ્ટ શ્રેણીમાં આરામ આપવામાં આવ્યા બાદ હાર્દિક પંડ્યાનો ફરી ટીમમાં સામેલ કરાયો છે. વનડે ટીમમાં રવિચંદ્રન અશ્વિન અને જાડેજાને તક મળતા આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું છે. ટીમની બોલિંગની જવાબદારી યુવા ચહેરાઓને સોંપી દેવામાં આવી છે. યોર્કર સ્પેશિયાલિસ્ટ જસપ્રિત બુમરાહ અને ભુવનેશ્વર કુમારની સાથે આઈપીએલ ધમાલ મચાવી ચુકેલા સિદ્ધાર્થ કોલને સામેલ કરાયો છે. સ્પીનર તરીકે યુજવેન્દ્ર ચહેલની સાથે કુલદીપ યાદવ અને અક્ષર પટેલને મુખ્ય જવાબદારી સોંપાઈ છે. વનડે ટીમમાં જાડેજા અને અશ્વિન પર વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો નથી. શ્રીલંકા સાથે ત્રણ ટેસ્ટ મેચો માટે પણ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે.

## શરદ યાદવ સહિત આઠ નેતાઓની સુરક્ષા ઘટાડાઈ

**જીતનરામ માંઝીની સુરક્ષામાં પણ ઘટાડો કરાયો : લાલુ અને માંઝીની સુરક્ષા ઝેડ પ્લસથી ઘટાડીને હવે ઝેડ શ્રેણીની કરી દેવાઇ : આઠ વીઆઇપીની સુરક્ષામાં ઘટાડો**

પટણા,તા. ૨૭

બિહારના ત્રણ મોટા નેતા સહિત કુલ આઠ વીવીઆઈપી નેતાઓની સુરક્ષામાં આખરે ઘટાડો કરવામાં આવ્યો છે. બિહારના બે પૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવ અને અને જીતનરામ માંઝીની સુરક્ષામાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જેડીયુના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ યાદવ સહિત કુલ આઠ વીવીઆઈપી નેતાઓની સુરક્ષામાં ઘટાડો કરવામાં આવ્યો છે. લાલુ પ્રસાદ યાદવ હજુ સુધી ઝેડ પ્લસની સુરક્ષા ધરાવતા હતા. જો કે હવે તેમની સુરક્ષા ઘટાડીને ઝેડ શ્રેણીની કરી દેવામાં આવી છે. જીતનરામ માંઝીને પણ હવે ઝેડ શ્રેણીની સુરક્ષા આપવામાં આવી છે. આ ઉપરાંત લાલુ પ્રસાદ યાદવની સુરક્ષામાં તૈનાત કરવામાં આવેલા નેશનલ સિક્યુરિટી ગાર્ડના કમાન્ડોને પણ પરત બોલાવી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા અન્યોની સુરક્ષા ઘટાડી દેવામાં આવી છે. ગુજરાતમાંથી રાજ્યપ્રધાન હરિભાઈ ચૌધરી, સર્વોચ્ચ ન્યાયાલયના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ટીએસ ઠાકુર, જામા મસ્જિદના શાહી ઈમામ બુખારી, દિલ્હીના પૂર્વ લેફ્ટી. ગવર્નર નજીબ જંગની સુરક્ષામાં પણ ઘટાડો કરી દેવામાં આવ્યો છે. આ વર્ષે જુલાઈ મહિનામાં કેન્દ્ર સરકારે લાલુ પ્રસાદ યાદવ અને તેમના પત્નિ રાબડી દેવીને પટણા એરપોર્ટ પર મળનાર સુવિધાને પરત ખેંચી લેવાની જાહેરાત કરી હતી.



હાઈપ્રોફાઈલ જંગ - રાજ્યમાં હાઈપ્રોફાઈલ બેઠક ગણાતી મહેસાણા બેઠક પર પ્રચારનું રણશીંગુ ફુંકાયુ હતુ... નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના મતવિસ્તારમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સહિતના નેતાઓને સાંભળવા સમગ્ર વિસ્તારમાંથી સેંકડો કાર્યકરો ઉમટ્યા હતા... પાટીદાર આંદોલનના એપી સેન્ટર સમા મહેસાણામાં ખરાખરીનો જંગ ખેલાવાનો છે... ત્યારે આજની આ તસવીર કંઈક નવો જ પડકાર આપે છે... આવનારા દિવસોમાં રોજ નવા સમીકરણો સર્જશે આ બેઠક... બીજા શબ્દોમાં કહીએ તો મહેસાણા ગુજરાતની રાજકીય પ્રયોગશાળા છે... આ વિસ્તારના રાજકીય તર્કો અને સમીકરણો હંમેશા ગુજરાતને નવી દિશા આપે છે...

## હિમાચલમાં અનેક જળાશયો થીજી ગયાં

**તાપમાન માઇનસમાં : ગાઢ ધુમ્મસ સાથે રેલ્વે દ્વારા ૧૪ ટ્રેનોને ૧૩ ફેબ્રુઆરી સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો**

શિમલા,તા.૨૭

હિમચાલ પ્રદેશના પર્વતીય વિસ્તારોમાં તાપામાન શૂન્યથી નીચે જતાં હાલ આ વિસ્તારમાં કાતિલ ઠંડી પડી રહી છે. તાપમાન શૂન્યથી નીચે જતાં અનેક વિસ્તારમાં બરફ જામી જતાં રોહતાંગ સહિત અન્ય વિસ્તારમાં વાહનવ્યવહાર બંધ કરાવી દેવામાં આવ્યો છે. જ્યારે ઠંડી સાથે ગાઢ ધુમ્મસ છવાતાં રેલવે વિભાગે પહેલી ડિસેમ્બરથી ૧૩ ફેબ્રુઆરી સુધી આ વિસ્તારમાં ૧૪ ટ્રેનની સેવા બંધ રાખવા નિર્ણય કર્યો છે.

હિમાચલના પહાડી વિસ્તારમાં તાપમાન શૂન્યથી નીચે રહેતાં સરોવર, ઝરણાં અને નદીઓમાં બરફ જામી ગયો છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે કેલાંગમાં સૌથી ઓછું ૨.૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે કલ્પા, મનાલી અને ભૂતળમાં ક્રમશઃ ૦.૪, ૧ અને ૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તેથી આ વિસ્તારમાં જનજીવન પર પણ માઠી અસર પડી છે. છેલ્લાં બે ત્રણ દિવસથી હિમાચલ પ્રદેશ સહિત આસપાસના વિસ્તારમાં તાપમાનનો પારો શૂન્યથી નીચે જતાં હાલ આ વિસ્તારમાં કાતિલ ઠંડી પડી રહી છે. જેના કારણે વાતાવરણમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેતા વાહનવ્યવહાર પર પણ વ્યાપક અસર જોવા મળી રહી છે. ધુમ્મસ છવાતાં રેલવે વિભાગે આ દરમિયાન ઉત્તર ભારતમાં ગાઢ

● અનુસંધાન પાન-૩ પર










